## ક્રિમી. અપીલ નંબર–૧૮/૨૦૨૩

## આંક – ૦૪ નીચે હુકમ

(૧) આ કામના એપેલેન્ટસ/મુળ આરોપીઓ ને નીચેની કોર્ટે ક્રિ.કે. નં. ૦૪/૨૦૨૧ ના કામે ઈ.પી.કોડની કલમ ૩૨૩, ૪૨૭, ૧૧૪ મુજબના ગુના કર્યાના તહોમત સબબ તકસીરવાર ઠરાવીને ઈ.પી.કોડની કલમ ૩૨૩ સાથે વાંચતા ૧૧૪ મુજબના ગુના કામે આરોપી મહેન્દ્રસીંહ વજુભા રાઠોડ, રહે. ભાભર જુના, તા.ભાભર ના ઓને તકસીરવાન ઠરાવી આરોપીને ૬ (છ) માસની સાદી કેદની સજા તથા આરોપી દીઠ રૂા. ૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરાનો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો પ્રત્યેક આરોપીને દંડ નહી ભરવાની કસુર બદલ ઉપરોકત જણાવેલ કેદની સજા ઉપરાંત વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તેજ રીતે આરોપી–લાખુભા સુરજભા રાઠોડ, રહે. ભાભરજુના, તા. ભાભર ના ઓને ઈ.પી.કો.કલમ–૩૨૩ સાથે વાંચતા ૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને ૬ (છ) માસની સાદી કેદની સજા તથા રૂા. ૫૦૦/– અંકે રૂપીયા પાંચસો પુરાનો દંડ ફરમાવવામાં આવે છે. તેજ રીતે ઈ.પી.કો. કલમ–૪૨૭ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૬ (છ) માસની સાદી કેદની સજા તથા રૂા. ૫૦૦૦/– અંકે રૂપીયા પાંચ હજાર પુરાનો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ના ભરે તો આરોપીને દંડ નહી ભરવાની કસુર બદલ ઉપરોકત જણાવેલ કેદની સજા ઉપરાંત વધુ ૧ (એક) માસની સાદી

કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે. આ હુકમથી નારાજ થઈ એપેલેન્સ/ મુળ આરોપીઓ એ અત્રેની અદાલતમાં અપીલ દાખલ કરેલ છે અને નીચેની અદાલતનો તા. ૦૪/૧૦/૨૦૨૩ નો દોષિત ઠરાવવાનો હુકમ રદ કરી છોડી મુકવા માંગણી કરેલ છે, તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૮૯(૧) અન્વયે હાલની આંક–૦૪ ની અરજી આપી અપીલ ચાલતાં સુધી જામીન ઉપર મુકત થવા માંગણી કરી છે અને સદર હુકમની અમલ બજવણી અપીલ ચાલતાં સુધી મોકુફ રાખવા માંગણી કરેલ છે.

(૨) આ માંગણી સબંધે એપેલેન્ટસ/મુળ આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી એસ.એન. કુડેચા તથા સામાવાળા સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી ડી.વી.ઠાકોર ને સાંભળ્યા.

(૩) નીચેની અદાલત ધ્વારા કરવામાં આવેલ સજાની માત્રા લક્ષમાં લેતાં અને નીચેની અદાલતનું રેકર્ડ મંગાવવા પાત્ર જણાય છે તે સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૮૯(૧) અન્વયે આ અપીલનો નિર્ણય થતાં સુધી નીચેની અદાલત ધ્વારા કરવામાં આવેલ સજાનો હુકમ મોકુફ રાખવા પાત્ર છે. આરોપીને મૃત્યુદંડ, જન્મટીપની સજા નથી તેમજ દસ વર્ષથી ઓછી નહી તેવી પણ સજા નથી. પરંતુ આરોપીને છ માસની સાદી કેદની સજા અને દંડની સજા કરેલ છે, અને રેકર્ડ જોતાં આરોપીઓએ દંડની રકમ નીચેની અદાલતમાં ભરી દીધેલ છે. વધુમાં નીચેની અદાલતનો હુકમ તા. ૦૪/૧૦/૨૦૨૩ ના રોજ થયેલ છે અને તેના એક માસમાં અપીલ દાખલ કરી હુકમ સ્ટે કરવા તેમજ જામીન ઉપર મુકત કરવા અરજી દાખલ કરવાની

હોય છે, આ કામે આરોપીએ સમય મર્યાદામાં અપીલ દાખલ કરી દીધેલ છે, જે ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

– એપેલેન્ટસ/મુળ આરોપી ઓ ની આ અરજી મંજુર કરવામાં આવે છે અને એપેલેન્ટસો ને આ અપીલનો નિકાલ થતાં સુધી ના સમય માટે પ્રત્યેક એપેલેન્ટે રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના લાયક જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી નીચે જણાવેલ શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે છે., અને ટ્રાયલ કોર્ટે ક્રિ.કેસ નં. ૪/૨૦૨૧ ના કામે તા. ૦૪/૧૦/૨૦૨૩ ના રોજ કરેલ દોષિત ઠરાવવાનો હુકમ કરેલ છે તે સજાના હુકમની અમલવારી અપીલના નિકાલ સુધી મોકુફ રાખવામાં આવે છે.

**શરતો** :–

૧. એપેલેન્ટ/મુળ આરોપી ઓ એ અપીલના કામે દર મુદૃતે હાજર રહેવું.

૨. અપીલના આખરી નિકાલ સુધી કોઈ ગુનાહિત પ્રવૃતિ કરવી નહી કે ગુનાનું પુનરાવર્તન કરવુ નહી કે ત સંબંધે કોઈ મનદુ:ખ રાખી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મુળ ફરિયાદપક્ષ વિરૂધ્ધમાં કોઈ કાર્યવાહી કરવી નહી.

૩. એપેલેન્ટસ/મુળ આરોપી ઓ એ પોતાના રહેણાંકનું સરનામું અત્રેની કોર્ટમાં લેખિત પુરસીસથી જાહેર કરવું.

૪. એપેલેન્ટસ/મુળ આરોપીઓ એ પોતાનો લેન્ડલાઈન ફોન નંબર કે મોબાઈલ ફોન નંબર અત્રેની કોર્ટમાં લેખિત પુરસીસથી જાહેર કરવો.

જામીન અત્રેની કોર્ટમાં રજુ કરવા.

હુકમની યાદી નીચેની કોર્ટને મોકલવી.

ફોજદારી કેસ નં. ૦૪/૨૦૨૧ નુ અસલ રેકર્ડ મંગાવવુ.

હુકમ આજ રોજ તા. ૨૭, માહે ઓકટોબર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

દિયોદર.
તા. ૨૭–૧૦–૨૦૨૩

**(આર.આર. દવે)**
ત્રીજા એડી.સેશન્સ જજ,
બનાસકાંઠા–દિયોદર
(કોડ નં. જી.જે. ૦૦૬૦૧)